# સચિન GIDCના P ઝોનમાં પ્લાસ્ટિક જરી અને યાર્ન વેસ્ટમાં આગ લાગી

**5 કિ.મી.** સુધી આગનો ધુમાડો દેખાયો, આગ ઓલવતા નોટિફાઇડના ફાયર વિભાગને એક કલાક સમય લાગ્યો

**સચિન** ઇન્ડ. સોસાયટી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ધારાસભ્ય સંદીપ દેસાઈને મળી વેસ્ટ નિકાલ પ્લાન્ટ માટે COP-4 અને 3ના 36,000 ચો.મી.ના પ્લોટ ફાળવવા રજૂઆત કરશે



સુરતઃ સચિન GIDCના P ઝોનમાં નોટિફાઇડ GIDC દ્વારા ફાળવવામાં આવેલી ડમ્પિંગ સાઈટમાં પ્લાસ્ટિક, ઈમિટેશન જરી અને યાર્ન વેસ્ટના કચરામાં આગ લાગી હતી. 5 કિ.મી. સુધી આગનો ધુમાડો દેખાયો હતો. આગ ઓલાવતાં નોટિફાઇડના ફાયર વિભાગને એક કલાક સમય લાગ્યો હતો.

સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, નોન પોલ્યુટેડ ઔદ્યોગિક એકમોમાંથી નીકળતો વેસ્ટ સેગ્રીગેશન કરી અંકલેશ્વર, કચ્છ મોકલવા માટે GIDCના નાકે સાઈટ ઊભી કરવામાં આવી છે. અહીં ટ્રોમિલ અને સ્કેનમેન મશીનરીમાં કચરો નાંખી માટી, પથ્થર, પ્લાસ્ટિક, જરી, લેસ પટ્ટી વેસ્ટ, યાર્નના દોરા છૂટા પાડવામાં આવે છે. ઓપન સાઈટ હોવાથી ગરમીને કારણે પણ જરી વેસ્ટ સળગી જાય છે. અથવા કોઈ બીડી, સિગારેટ ફેંકે તો પણ ઘટના બને છે. COP 3માં જ્યાં ઘટના બની ત્યાં અમે 3 કેમેરા પણ લગાવ્યા છે. કચરાનું રોજેરોજનું ઓડિટ GPCB કરે છે. છેલ્લાં બે વર્ષથી સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી રોજના 45 ટન વેસ્ટના સાયન્ટિફિક નિકાલ માટે GIDCમાં આવેલા COP 3 અને COP 4ની 36,000 સ્ક્વેર મીટરથી વધુ જમીનવાળા પ્લોટ માંગી રહી છે. જેથી અહીં જ PPP મોડલ પર પ્લાન્ટ સ્થાપી પ્લાસ્ટિક અને જરી વેસ્ટનો સ્થળ પર જ નિકાલ થઈ શકે. અમે આ પ્લાન્ટ માટે બે મોટા પ્લોટ નોટિફાઇડ GIDC ફાળવે એ માટે નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી અને ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈને ફરી રજૂઆત કરીશું.

# બે માસ બાદ આજે મનપાની 12 પેટા સમિતિઓની રચના

**ખાસ** સમિતિના ચેરમેનનાં નામો પર પણ મોવડી મંડળ જ મહોર મારશે

**સમતોલન** સાધવા ધારાસભ્યો વચ્ચે સમિતિઓની વહેંચણી થાય તેવી શક્યતા

સુરતઃ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીને બે મહિના પૂર્ણ થયા બાદ આખરે આજે 30 જૂને પાલિકાની 12 વિવિધ પેટા સમિતિઓની રચના માટે ખાસ સામાન્ય સભા યોજાવાની છે. સાંજે 4 વાગ્યે મળનારી સામાન્ય સભા પૂર્વે બપોરે 3 વાગ્યે ભાજપની મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાશે, જેમાં તમામ સમિતિઓના ચેરમેન, ડેપ્યુટી ચેરમેન અને સભ્યોના નામોને અંતિમ મંજૂરી આપવામાં આવશે. આ વખતે સમિતિઓના નામો પ્રદેશ હાઈકમાન્ડના માર્ગદર્શન હેઠળ નક્કી થવાની શક્યતા વ્યક્ત થતાં રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

પાલિકાની જાહેર બાંધકામ, ટાઉન પ્લાનિંગ, પાણી અને ડ્રેનેજ સમિતિ સૌથી વધુ પ્રભાવશાળી અને નિર્ણાયક માનવામાં આવે છે. શહેરના વિકાસકામો અને મોટા ટેન્ડરો સાથે સીધો સંબંધ હોવાથી આ સમિતિઓના ચેરમેન પદ માટે ચૂંટાયેલા નગરસેવકોમાં ભારે લોબિંગ ચાલી રહ્યું છે. સ્થાનિક સંગઠનથી લઈને ગાંધીનગર સુધી ભલામણોનો દોર તેજ બન્યો હોવાનું રાજકીય સૂત્રો જણાવી રહ્યા છે. આ વખતે શહેરના 12 ધારાસભ્યો પણ પોતાની રાજકીય પકડ મજબૂત કરવા સક્રિય બન્યા છે. પાલિકા ચૂંટણીમાં ટિકિટ ફાળવણી બાદ હવે દરેક ધારાસભ્ય પોતાની નજીકના નગરસેવકોને ચાવીરૂપ સમિતિઓમાં સ્થાન મળે તે માટે પ્રયાસ કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેના કારણે ભાજપ સંગઠનની આંતરિક રાજનીતિ પણ ગરમાઈ છે. સમિતિઓની રચનામાં જ્ઞાતિ, વિસ્તાર અને પ્રાદેશિક સમીકરણો પણ મહત્વની ભૂમિકા ભજવશે. અગાઉની ટર્મમાં જાહેર બાંધકામ સમિતિના ચેરમેન તરીકે સતત મહારાષ્ટ્રીયન નગરસેવકોની પસંદગી કરવામાં આવી હતી, જ્યારે ટાઉન પ્લાનિંગ સમિતિનું નેતૃત્વ ઉત્તર ગુજરાતના વતની નગરસેવકોને મળતું રહ્યું છે. આ વખતે જૂના સમીકરણો યથાવત રહેશે કે હાઈકમાન્ડ કોઈ નવો રાજકીય પ્રયોગ કરશે, તેના પર સૌની નજર મંડાઈ છે.

# એ.કે.રોડ પર જૂના મકાનનો સ્લેબ તૂટી પડ્યો

સુરતઃ શહેરનાં અશ્વિની કુમાર સ્થિત ફુલપાડા રોડ પર આવેલા ગમન ફળિયામાં સોમવારે બપોરે એક ગ્રાઉન્ડ પ્લસ બે માળના જૂના જર્જરિત મકાનના રસોડાનાં સ્લેબનો એક મોટો ભાગ અચાનક ધડાકાભેર બેસી ગયો હતો. આ સમયે રસોઈ બનાવી રહેલી ૪૬ વર્ષીય વિમલબેન કિરીટભાઈ મૈસુરિયાનો પગ કાટમાળમાં ફસાઈ ગયો હતો. ઘટના સમયે ઘરમાં અન્ય કોઈ સભ્ય હાજર નહોતું. બાદમાં સ્થળ ઉપર હાજર ફાયર વિભાગે ભારે જહેમત બાદ વિમલબેનને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

કાર્યપાલક ઇજનેર સં.અને.નિ, ઓલપાડ વિભાગીય કચેરી, સુરત

ઉત્રાણ પાવર હાઉસ નજીક, સિલ્વર ટ્રેડ સેન્ટર ની સામે સમતાનગર, ઉત્રાણ, સુરત,૩૯૪૧૦૫

CIN: U40102GJ2003SGC042909

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ 3003

**વીજપ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો પર જરૂરી કામગીરી કરવાની હોવાથી દર્શાવેલ તારીખે અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી વહેલી પૂર્ણ થશે તો કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| અ. નં. | સબસ્ટેશનનું નામ | ફીડરનું નામ | સબ ડિવિઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સરોલી | ઓખા એજી. વલકલ ઈન્ડ. | રાંદેર રૂરલ | સરોહી, વડોદ, ઓખા ખેતીવાડી ગ્રાહકો અને માસમા ઈન્ડ. વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૧.૦૭.૨૦૨૬ | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |

કાર્યપાલક ઈજનેર (સ.અને નિ.), ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

## જાહેર નોટીસ

### નગર રચના યોજના સુરત નં.૪૬(ગોથાણ-ભરથાણા કોસાડ-કોસાડ-વરીયાવ)

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નગર રચના યોજના નં.૪૬(ગોથાણ-ભરથાણા કોસાડ-કોસાડ-વરીયાવ) સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહુ યોજનાની પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતાં પહેલાની અદ્યતન દરખાસ્તની સુનાવણી બાબતે અત્રેથી તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ નોટીસ બજાવવામાં આવેલ. જે સુનાવણી તા.૨૦/૦૬/૨૦૨૬ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.

જે અન્વયે, યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિક/હિત સંબંધ ધરાવતી વ્યક્તિ કે ભાડુઆત, કબ્જા/હક્ક હિસ્સો ધરાવતી વ્યક્તિઓને નામ કે સરનામાનાં અભાવે કે અન્ય કોઈ કારણસર નોટીસ બજેલ ન હોય તો તેવી દરેક વ્યક્તિઓ/ઈસમોને આ જાહેર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦ (દસ)માં નીચે જણાવેલ સરનામે રજાના દિવસો સિવાય બપોરે ૩:૩૦ થી ૫:૩૦ના સમયગાળા દરમિયાન નીચે સહી કરનાર નગર રચના અધિકારી સમક્ષ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ દ્વારા જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં.૭/૧૨ની અદ્યતન અસલ નકલ, સક્ષમ સત્તામંડળ દ્વારા મંજુર કરેલ લે-આઉટ પ્લાન/વિકાસ પરવાનગી/બાંધકામના નકશા તથા રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ, બિનખેતી હુકમની પ્રમાણિત નકલ, હિસ્સા માપણીશીટ, હિસ્સા ફોર્મ નં.૧૧/અ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતાં પહેલાની અદ્યતન દરખાસ્ત અંગે સમજણ મેળવી રજુઆત કરી શકશે.

ઉક્ત મુદ્દત દરમિયાન યોજનામાં સમાવિષ્ટ ઉપર જણાવ્યા મુજબના જમીન માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ, ભાડુઆત, કબજા/હક્ક હિસ્સો ધરાવતી વ્યક્તિઓ દ્વારા જો કોઈ રજુઆત કરવામાં નહી આવે તો પ્રારંભિક યોજનાનાં નિર્ણયો જાહેર કરતાં પહેલાની અદ્યતન દરખાસ્ત તેઓને માન્ય છે તથા તે બાબતે તેઓએ કાંઈ કહેવાનું નથી તેમ સમજી અત્રે ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ તથા અન્ય વિગતો ધ્યાને લઈ ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની જોગવાઈઓ મુજબ પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરવા સંબંધિત આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે અન્વયે લીધેલ નિર્ણય તેઓને માન્ય તેમજ બંધનકર્તા રહેશે. જેની દરેકે નોંધ લેવા વિનંતી છે.

-: પરિશિષ્ટ :-

**નગર રચના યોજના નં.૪૬(ગોથાણ-ભરથાણા કોસાડ-કોસાડ-વરીયાવ)માં સમાવિષ્ટ મોજે:ગોથાણના બ્લોક નંબર :** ૧, ૨, ૩, ૪, ૫/બી/૧ થી ૨૬, ૫/એ, ૬/એ, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૨/એ/૧, ૧૦૨/એ/૨/૧/૧, ૧૦૨/એ/૨/૧/૨, ૧૦૨/એ/૨/૧/૩, ૧૦૨/એ/૨/૧/૪, ૧૦૨/એ/૨/૧/૫, ૧૦૨/એ/૨/૧/૬, ૧૦૨/એ/૨/૧/૭, ૧૦૨/એ/૨/૧/૮, ૧૦૨/એ/૨/૧/૯, ૧૦૨/એ/૨/૧/૧૦, ૧૦૨/એ/૨/૧/૧૧, ૧૦૨/એ/૨/૧/૧૨, ૧૦૨/એ/૨/૧/૧૩, ૧૦૨/એ/૨/૧/૧૪, ૧૦૨/એ/૨/૧/૧૫, ૧૦૨/એ/૨/૧/૧૬, ૧૦૨/એ/૨/૧/૧૭, ૧૦૨/એ/૨/૧/૧૮, ૧૦૨/એ/૨/૧/૧૯, ૧૦૨/એ/૨/૧/૨૦, ૧૦૨/એ/૨/૧/૨૧, ૧૦૨/બી, ૧૦૩, ૧૩૭, ૧૩૮/એ, ૧૩૯/એ, ૧૪૦/એ, ૧૪૧/એ, ૧૪૩/પૈકી, ૧૪૪, ૧૪૫/એ, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯/એ, ૧૭૯/બી, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૬, ૧૯૨, ૧૯૩, ૧૯૪/એ, ૩૦૫/એ, ૩૦૬/૧/એ, ૩૦૭/૧/એ, ૩૧૦/૧/એ, ૩૧૧/પૈકી ૧, ૩૧૨, ૩૧૩/પૈકી ૧, ૩૧૪/૧, ૩૧૫, ૩૧૬, ૩૧૯/એ, ૩૨૦/૧, ૩૨૦/૨, ૩૨૧/એ, ૩૨૧/બી, ૩૨૨/૧/૧ થી ૪૧, ૩૨૩/પૈકી/૧, ૩૨૪/પૈકી/૧, ૩૨૫, ૩૨૬, ૩૨૭/એ, ૩૨૭/બી, ૩૨૮/પૈકી/૧, ૩૨૯/પૈકી/૧, ૩૩૦, ૩૩૧/એ/૧, ૩૩૧/એ/૨, ૩૩૧/બી, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૪૬, ૩૪૭, ૩૪૪, ૩૩૬/એ, ૩૩૬/બી, ૩૩૭/એ, ૩૩૭/બી, ૩૩૭/સી, ૩૪૪/૧/બી, ૩૪૪/૧/એ, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧/૧ + ૩૪૧/૨ + ૩૪૧/૩, ૩૪૨, ૩૪૩/૧/એ, ૩૪૩/૧/બી, ૩૪૩/૨, ૩૪૫, ૩૪૮, ૩૫૬, ૩૫૭, ૩૫૮/૧, ૩૫૮/૨, ૩૫૯/એ, ૩૫૯/બી, ૩૬૦, ૩૬૧/એ, ૩૬૧/બી, ૩૬૨/એ+૩૬૨/બી, ૩૬૩, ૩૬૪/એ, ૩૬૬/૧ થી ૨૭+ ૩૬૭/૨/૨૮ થી ૩૫, ૩૬૭/૧, ૩૭૧/એ/પૈકી, ૩૭૧/બી/પૈકી, ૩૭૨, ૩૭૩, ૩૭૪, ૩૭૫/પૈકી, ૩૭૬/એ/૨, ૩૭૭/એ/પૈકી, ૩૭૯/બી/૧, ૩૮૦/એ/પૈકી, ૩૮૦/બી/પૈકી, ૩૮૧/બી, ૩૮૪, ૩૮૫, ૪૬૦, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૮૧, ૪૮૨, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૪૮૯, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૪૯૪, ૪૯૫, ૪૯૬, બિન નંબરી (હરિજન વાસ), રેલ્વે.

**મોજે: ભરથાણા કોસાડના બ્લોક નંબર :** ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧/પૈકી/૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭/૧/૩, ૧૭/૧/૧, ૧૭/૨/૧, ૧૮, ૧૯, ૨૦/એ, ૨૦/બી, ૨૧/એ/૧, ૨૧/એ/૨, ૨૨/એ, ૨૨/સી, ૨૩/એ, ૨૩/સી, ૨૪/એ, ૨૪/સી, ૨૫/એ, ૨૫/સી, ૨૬/એ, ૨૬/સી, ૨૭, ૨૮, ૨૯/એ, ૨૯/બી/૧, ૨૯/બી/૨, ૨૯/બી/૩, ૨૯/બી/૪, ૨૯/બી/૫, ૨૯/બી/૬, ૨૯/બી/૭, ૩૦/પૈકી/૧, ૩૧/પૈકી ૧, ૩૨/પૈકી ૧, ૩૩/પૈકી ૧, ૩૪, ૩૫/૧+૩૫/૧/પૈકી, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧/પૈકી/૧, ૫૨, ૫૪, ૫૫, ૫૭/એ, ૫૭/બી, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૩, ૫૦, ૫૩/પૈકી ૧, ૫૬/એ, ૫૬/બી, ૬૪/પૈકી ૧, ૬૫/એ, ૬૫/સી, ૬૬/એ, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૮૦/બી/પૈકી, ૨૫૨, ૨૫૩, ૨૫૪/એ, ૨૫૪/બી, ૨૭૯/પૈકી, ૨૮૦/પૈકી, ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૮૭/એ, ૨૮૭/બી, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨/પૈકી ૧, રેલ્વે.

**મોજે: કોસાડના બ્લોક નંબર:** ૪૩૦/પૈકી, ૪૩૧/પૈકી, ૪૩૨/એ/પૈકી, ૪૩૩, ૪૩૪/પૈકી, ૪૩૫, ૪૩૬, ૪૩૭/એ, ૪૩૭/બી, ૪૩૮/પૈકી, ૪૩૯/પૈકી, ૪૪૨/પૈકી, ૪૯૧/પૈકી, ૪૯૨/પૈકી, ૪૯૩, ૪૯૪/પૈકી, ૪૯૫, ૪૯૬, ૪૯૭, ૪૯૮/૧/એ, ૪૯૮/૧/બી, ૪૯૯/પૈકી ૧, ૫૦૦/પૈકી ૧, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૪, ૫૦૫, ૫૦૬, ૫૦૮, ૫૨૪/૨, ૫૨૩, ૫૨૪/૧, ૫૦૭, ૫૦૯/એ, ૫૦૯/બી, ૫૧૦, ૫૧૧, ૫૧૨, ૫૧૩, ૫૧૪/પૈકી ૧, ૫૧૪/પૈકી ૨, ૫૧૫, ૫૧૬, ૫૧૭, ૫૧૮/૧/અ, ૫૧૮/૧/બ, ૫૧૮/૧/ક, ૫૧૮/૨, ૫૧૮/૩, ૫૧૯, ૫૨૦, ૫૨૧/પૈકી ૧, ૫૨૧/પૈકી ૨, ૫૨૨/પૈકી ૧, ૫૨૨/પૈકી ૨, ૫૨૨/પૈકી ૩, ૫૨૫, ૫૨૬/એ, ૫૨૬/સી, ૫૨૭/એ/૧, ૫૨૭/એ/૩, ૫૨૭/સી/૧, ૫૨૭/બી/૧, ૫૨૭/બી/૩, ૫૨૮/એ/૧, ૫૨૮/એ/૨, ૫૨૯, ૫૩૦, ૫૩૧/૧+૫૩૧/૨/એ, ૫૩૧/૧+૫૩૧/૨/બી, ૫૩૨/૧/એ, ૫૩૩/એ, ૫૩૩/સી, ૫૩૪/૧/એ, ૫૩૫, ૫૩૬, ૫૩૭/૧, ૫૩૭/૨, ૫૩૮, ૫૩૯/૧, ૫૪૦, ૫૪૧, ૫૪૨/પૈકી ૧, ૫૪૩/પૈકી ૧, ૫૪૪/પૈકી ૨, ૫૬૨, ૫૬૫/પૈકી ૧, ૫૬૮/પૈકી૧, ૫૬૯/પૈકી ૧, ૫૨૬/બી, ૫૨૭/એ/૨, ૫૨૭/બી/૨, ૫૨૭/સી/૨, ૫૩૨/૧/બી, ૫૩૩/બી, ૫૩૪/૧/બી, ૫૨૮/બી, ૫૩૧/૧/બી/પૈકી, ૫૩૧/૨/બી/પૈકી.

**મોજે:વરીયાવના બ્લોક નંબર:** ૮૪૨/એ, ૮૪૨/બી, ૮૪૩/એ/પૈકી, ૮૪૩/બી, ૮૪૫/એ/પૈકી, ૮૪૫/બી, ૮૪૬/એ/પૈકી, ૮૪૬/બી, ૮૪૭/પૈકી ૧, ૮૪૭/પૈકી ૨, ૮૫૨/પૈકી ૨, ૮૫૩/પૈકી ૨, ૮૫૪/પૈકી ૧, ૮૫૪/પૈકી ૨, ૮૫૫, ૮૫૬/પૈકી ૧/અ, ૮૫૬/પૈકી ૧/બ, ૮૫૬/પૈકી ૨, ૮૫૭, ૮૫૮, ૮૫૯, ૮૬૦-૧ થી ૧૫૧, ૮૬૧, ૮૬૨, ૮૬૩/પૈકી ૧, ૮૬૩/પૈકી ૨, ૮૬૬, ૮૬૮/પૈકીર, ૮૬૫/પૈકી ૧, ૮૬૭/પૈકી ૧, ૮૬૭/પૈકી ૩, ૮૬૯/પૈકી ૨, ૮૭૧/પૈકી ૨ તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ કેનાલ, હયાત બિન નંબરી નાળીયા, ખાડી, મારગની જમીનો.

સ્થળ : સુરત
તારીખ : ૨૫/૦૬/૨૦૨૬
કચેરીનું સરનામુઃ- નગર રચના અધિકારી અને નગર નિયોજક-૩
સુરત નગર રચના યોજના, એકમ-૧, પાંચમો માળ, સુડા ભવન,
આગમ આર્કેડની સામે, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત- ૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in

(આદિત્ય એમ. પટેલ)
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૩
સુરત નગર રચના યોજના, એકમ-૧
સુરત.

ક્રમાંક : માહિતી-સૂરત/૩૧૩/૨૦૨૬

# સગીરાને ભગાડી દુષ્કર્મ કરનારને ૨૦ વર્ષની સજા

સુરતઃ તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરીને આરોપી વિપુલ ચીથર ચૌહાણ લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી જઇ ભોગ બનનારની મરજી વિરુદ્ધ અવારનવાર શારિરીક સંબંધ બાંધી ગુનો કર્યો હતો. એક વખત સગીરા ભાગવાની કોશિશ કરતાં આરોપીએ ચપ્પુ મારી જીવતી નહીં જવા દેવાની ધમકી આપી હતી. ખટોદરા પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એકટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ તેજસ પંચોલી કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો તેમજ ભોગ બનનારને ચાર લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

# NEP-2020: ત્રિભાષા સૂત્ર ફરજિયાત, વિકલ્પમાંથી વોકેશનલ વિષય દૂર કરાયો

**શૈક્ષણિક** વર્ષ 2026-27થી રાજ્યભરની તમામ માધ્યમિક શાળાઓમાં અમલ, હવે આઠમા વિષય તરીકે વોકેશનલ શિક્ષણ ફરજિયાત

સુરતઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત ત્રિભાષા સૂત્રનો અસરકારક અમલ કરવા માટે બોર્ડે શૈક્ષણિક વર્ષ 2026-27થી ધોરણ-9 અને 10માં ત્રીજી ભાષાના વિકલ્પ તરીકે આપવામાં આવતો વોકેશનલ વિષય દૂર કરી તેનો અલગથી આઠમા વિષય તરીકે સમાવેશ કરાયો છે.

આ અંગે સંયુક્ત નિયામકે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર પાઠવીને તેમના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓમાં તાત્કાલિક અમલ કરવા સૂચના આપી છે. નવા વિષય માળખા અનુસાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ત્રીજી ભાષા તરીકે હવે માત્ર ભાષાકીય વિષયો જ પસંદ કરી શકાશે. તેમાં હિન્દી (દ્વિતીય), સંસ્કૃત, ફારસી (દ્વિતીય), અરબી (દ્વિતીય), સિંધી (દ્વિતીય) અને ઉર્દૂ (દ્વિતીય) નો સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ ત્રીજી ભાષાના વિકલ્પમાં રહેલો વોકેશનલ વિષય હવે દૂર કરવામાં આવ્યો છે. નવી વ્યવસ્થા મુજબ પ્રથમ ભાષા, દ્વિતીય ભાષા, તૃતીય ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન ઉપરાંત શાળાના પ્રકાર મુજબ એક વૈકલ્પિક વિષય અને એક વોકેશનલ શિક્ષણનો વિષય અભ્યાસક્રમમાં ફરજિયાત રહેશે. એટલે કે હવે વિદ્યાર્થીઓએ કુલ આઠ વિષયોનો અભ્યાસ કરવો પડશે.

### શાળાના પ્રકાર મુજબ વૈકલ્પિક વિષયો

સામાન્ય શાળાઓમાં કમ્પ્યુટર અધ્યયન, ગૃહવિજ્ઞાન, પશુપાલન અને ડેરીવિજ્ઞાન, વાણિજ્ય પરિચય, એલિમેન્ટ્સ ઓફ એન્જિનિયરિંગ, યોગ-સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકળા, સંગીત તેમજ સીવણ અને ભરત જેવા વિષયોમાંથી એક વિષય પસંદ કરી શકાશે. વાણિજ્ય શાળાઓમાં વાણિજ્ય પરિચય, નામાનાં મૂળતત્ત્વો તેમજ વાણિજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટિસ જેવા વિષયોનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. ટેકનિકલ શાળાઓમાં એલિમેન્ટ્સ ઓફ એન્જિનિયરિંગ, કમ્પ્યુટર એડેડ એન્જિનિયરિંગ ડ્રોઇંગ અને બેઝિક્સ ઓફ એન્જિનિયરિંગ પ્રોસેસ, મેન્ટેનન્સ એન્ડ સેફટી જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ઉત્તર બુનિયાદી શાળાઓમાં કૃષિવિદ્યા, ગૃહવિજ્ઞાન તેમજ પશુપાલન અને ડેરીવિજ્ઞાનમાંથી એક વિષય પસંદ કરી શકાશે.

### તમામ આઠ વિષયમાં પાસ થવું ફરજિયાત

વિદ્યાર્થીએ જે-જે વિષયો પસંદ કર્યા હશે તે તમામ વિષયોમાં ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં ઉત્તીર્ણ થવું ફરજિયાત રહેશે. એટલે હવે વોકેશનલ શિક્ષણનો વિષય પણ પરીક્ષામાં પાસ કરવો અનિવાર્ય બનશે.

**રાજપીપળા નગરપાલિકા**
**ઈ-ટેન્ડરીંગ**

આથી નીચે મુજબના કામો કરવાના હોઈ ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવાનાં છે ટેન્ડરની વિગત https://tendar.nprocure.com પર જોવા મળશે. કોન્ટ્રાકટરશ્રી દ્વારા ટેન્ડરમાં માંગ્યા મુજબના પુરાવા જોડવાના રહેશે.
ટેન્ડર આઇડી-315969, 316297, 317265

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ | ઇએમડી | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં આવેલા પોસ્ટ ઓફિસ પાસે બોક્ષ કલ્વર્ટનું કામ CH 0 to 110.50 MT | ૧૯૪૬૫૯૩.૦૦ | ૧૯૪૬૫.૯૩ | ૧૦૭૦.૦૦ |
| ૨ | રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં આવેલા પોસ્ટ ઓફિસ પાસે બોક્ષ કલ્વર્ટનું કામ CH 110.58 to 220.29 MT | ૧૯૩૨૬૯૬.૪૦ | ૧૯૩૨૬.૯૬ | ૧૦૭૦.૦૦ |
| | • ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખઃ ૨૧/૦૬/૨૦૨૬ થી ૦૬/૦૭/૨૦૨૬ • ભૌતિક સબમીશન તારીખઃ ૦૮/૦૭/૨૦૨૬ • ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૩/૦૭/૨૦૨૬ | | | |
| 3 | રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં કુત્રિમ તળાવ બનાવવાનું કામ | ૫૬૯૨૫૭૯.૦૦ | ૫૬૯૨૫.૦૦ | ૨૪૦૦.૦૦ |
| | • ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખઃ ૨૪/૦૬/૨૦૨૬ થી ૧૩/૦૭/૨૦૨૬ • ભૌતિક સબમીશન તારીખઃ ૧૫/૦૭/૨૦૨૬ • ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૭/૦૭/૨૦૨૬ | | | |

નગરપાલિકા કચેરી, રાજપીપળા
(જયકિશન તડવી) મુખ્ય અધિકારી રાજપીપળા નગરપાલિકા
(શિવાનીબેન મહેતા) પ્રમુખ રાજપીપળા નગરપાલિકા
માહિતી/નર્મદા/૧૨૬/૨૦૨૬-૨૭

## જાહેર નોટીસ

### નગર રચના યોજના નં. ૯૩ (પાલ-પાલનપોર-ભાઠા)

નગર રચના યોજના નં.૯૩(પાલ-પાલનપોર-ભાઠા) સુરતની મુસદ્દારૂપ યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી અત્રેની કચેરીએ જારીમાં છે. જે અન્વયે સદર યોજનાના પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્ત મુજબ સદર યોજના વિસ્તારમાં સમાવિષ્ટ થતા નીચે સુચવેલ બ્લોક/રે.સર્વે નંબરો તથા રસ્તા, ખાડી, તળાવ, ખાર, કેનાલ વાળી જમીનોની સુનવણી નીચે દર્શાવેલ દિન અને સમયે રાખવામાં આવેલ છે.

* તા.૦૮/૦૭/૨૦૨૬ (સવારે સમય ૧૧:૩૦ થી ૦૧:૩૦ તથા ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાકે)

મોજેઃ પાલનપોરના બ્લોક નંબર : ૧૫૯/૧, ૧૫૯/૨, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩/૧, ૧૬૩/૨, ૧૬૪/૧, ૧૬૪/૨, ૧૬૫/૧, ૧૬૫/૨, ૧૬૬/૧, ૧૬૬/૨, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧/અ, ૧૭૧/બ, ૧૭૨, ૧૭૩/અ, ૧૭૩/બ, ૧૭૪, ૧૭૫, ૧૭૬/અ, ૧૭૬/બ, ૧૭૬/ક, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦/અ, ૧૯૦/બ, ૧૯૦/ક, ૧૯૧/અ, ૧૯૧/બ, ૧૯૧/ક, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧/પૈ, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬.

* તા.૦૯/૦૭/૨૦૨૬ (સવારે સમય ૧૧:૩૦ થી ૦૧:૩૦ તથા ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાકે)

મોજેઃ પાલનપોરના બ્લોક નંબર : ૨૨૮/૧, ૨૨૮/૨, ૨૨૮/૩, ૨૨૮/૪.

મોજેઃ પાલના બ્લોક નંબર : ૧૧૨/અ, ૧૧૨/બ, ૧૧૩/૧, ૧૧૩/૨, ૧૧૩/૩, ૧૧૩/૪, ૧૧૩/૫, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮/૧, ૧૧૮/૨, ૧૧૯/૧, ૧૧૯/૨, ૧૨૦/૧, ૧૨૦/૨, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫/અ, ૧૨૭/અ, ૧૨૫/બ, ૧૨૫/ક, ૧૨૬/અ, ૧૨૬/બ, ૧૨૬/ક, ૧૨૬/ડ, ૧૨૭/બ, ૧૨૮, ૧૨૯/અ, ૧૨૯/બ, ૧૨૯/ક, ૧૨૯/ડ, ૧૩૦.

મોજેઃ ભાઠાના બ્લોક નંબર : ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭/અ, ૧૮૭/બ, ૧૮૮, ૧૮૯, ૧૯૧, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૯.

તા.૧૦/૦૭/૨૦૨૬ (સવારે સમય ૧૧:૩૦ થી ૦૧:૩૦ તથા ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાકે)

મોજેઃ ભાઠાના બ્લોક નંબર : ૨૦૧, ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪/અ, ૨૧૪/બ/૧, ૨૧૪/બ/૨, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦/અ, ૨૩૦/બ, ૨૩૦/ક, ૨૩૦/ડ, ૨૩૦/ઇ, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬/અ, ૨૪૬/બ, ૨૪૭, ૨૪૯, ૨૫૦, ૨૫૧/અ, ૨૫૧/બ, ૨૫૧/ક, ૨૫૧/ડ, ૧૨૦, ૪૩૬/૧/પૈ, ૪૪૭/પૈ, ૪૪૯/પૈ, ૪૫૦/અ/પૈ, ૪૫૦/બ/પૈ, ૪૫૦/ક/પૈ, ૪૫૧/પૈ, ૪૫૩/પૈ, ૪૫૪/પૈ, ૪૭૨/પૈ, ૪૭૩/પૈ, ૪૭૪/પૈ તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ કેનાલ, હયાત બિન નંબરી નાળીયા, ખાડી, મારગની જમીનો.

નગર રચના યોજના નં.૯૩(પાલ-પાલનપોર-ભાઠા)ની પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્તમાં ઉક્ત સમાવિષ્ટ જમીનો અંગે સમજણ મેળવવા તથા રજુઆત કરવા અત્રેની કચેરીએથી તમામ સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરવાની કાર્યવાહી જારીમાં છે. જેથી ઉક્ત સુચવેલ રેવન્યુ સર્વે/બ્લોક નંબરો અન્વયે સુનવણી/રજૂઆત કરવા ઉપરોક્ત દિન તેમજ નિર્ધારીત કરેલ સમયે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં. ૭/૧૨ની અદ્યતન અસલ નકલ, સક્ષમ સત્તામંડળ ધ્વારા મંજુર કરેલ લે-આઉટ પ્લાન/વિકાસ પરવાનગી/બાંધકામના નકશાની તેમજ રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ, બિનખેતી હુકમની પ્રમાણિત નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્ત અંગે જરૂરી સમજણ મેળવી રજુઆત કરવા અંગે અનુકૂળતા સાધવા માટે જણાવવામાં આવે છે.

સ્થળઃ સુરત
તા.૨૫/૦૬/૨૦૨૬

કચેરીનું સરનામુઃ-
નગર રચના અધિકારી અને નગર નિયોજક-3
સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in

(આદિત્ય એમ.પટેલ)
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-3,
સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત.

ક્રમાંક . માહિતી-સૂરત/૩૧૪/૨૦૨૬

### ૩૧-૦૫-૨૦૨૧ પહેલાની ઈન્ડોર કેસ પેપર નિકાલ અંગે જાહેરાત

અધિક નિયામકશ્રી (આરોગ્ય), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.), ગાંધીનગરનાં પત્ર નં. આરએચડી/૩/ઓપીડી/ઈન્ડોર/ડીસ્પોજલ/૪૫૦૯-૪૫૪૮/૧૫ તા.૦૫/૦૨/૨૦૧૫ ની જોગવાઈ અન્વયે અત્રેની સિવિલ હોસ્પિટલ/જીએમઈઆરએસ મેડીકલ કોલેજ હોસ્પિટલ, વલસાડ ખાતે તા. ૩૧/૦૫/૨૦૨૧ પહેલાના તમામ ઈન્ડોર કેસ ફાઈલોનો કાયમી નિકાલ કરવાનો થતો હોય તા. ૩૧/૦૫/૨૦૨૧ પહેલા અત્રેની હોસ્પિટલ ખાતે સારવાર મેળવેલ હોય તેઓને જો તેમનાં ઈન્ડોર કેસ-પેપરની જરૂરીયાત હોય તો તેઓએ (દર્દી પોતે/દર્દી સાથેના લોહીના સબંધીઓએ) સદર જાહેરાત પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસની અંદર જીએમઈઆરએસ મેડીકલ કોલેજ હોસ્પિટલ, વલસાડની કચેરી ખાતે વિગતો મેળવવા લેખિત અરજી કરવાની રહેશે.

નિયત કરેલ ૩૦ દિવસનો સમયગાળો પૂર્ણ થયા બાદ કોઈપણ દલીલ કે અરજી માન્ય રાખવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેશો.

મુખ્ય જીલ્લા તબીબી અધિકારી/તબીબી અધિક્ષક જનરલ/
જીએમઈઆરએસ હોસ્પિટલ, વલસાડ

ન. માહિતી/વલસાડ/૨૧૪/૨૦૨૬

FIT INDIA
"Let's to gether We adopt Water Recharging Borewell System"

**SURAT MUNICIPAL CORPORATION**
**HYDRAULIC DEPARTMENT**

**e-Tender (Online) invitation Notice No. DMC/HYD/06/2026-27**

Tenders are invited for various Dept. works online on https://smctender.nprocure.com from Government Approved / Experienced Contractors with following Schedule.

| 1. | Name Of the Department | Hydraulic | Head Water Works |
|---|---|---|---|
| | No.of Work | 02 | 01 |
| 2. | Total Estimated Cost of Tender | Rs. 110.35 Lacs | Rs. 12.50 Lacs |

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No.PRO/104/2026-27 Deputy Municipal Commissioner(D)
Date: 29-06-2026 Surat Municipal Corporation

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

દામકા શાખા : દરજી ફળિયા, દામકા, મુ અને પો દામકા, તા. ચોર્યાસી, જી. સુરત ૩૯૪૫૧૦
Email ID : damka@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી મોહનીદેવી રાજારામ જાજુંડા (દેવાદાર) અને શ્રી રાજારામ પારસરામ જાજુંડા (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬૫,૯૯,૦૦૦.૬૪/–(અંકે રૂા. પાસઠ લાખ નવાણું હજાર ચોસઠ પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૭મી જૂન સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડા, ની રકમ **રૂા.૬૫,૯૯,૦૦૦.૬૪ વત્તા વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસ** ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'આકાશદર્શન એપાર્ટમેન્ટ' ના ૭મા માળ નો ફલેટ નં. ૭૦૧ બિલ્ટઅપ એરિયા માપ આશરે ૯૮.૮૮ ચો.મી વણવહેચાયેલ હિસ્સા માપ ૩૮.૦૦ ચો.મી સહિત જમીન રેવન્યુ.સ.નં. ૩૦, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૬, ગામ.મજુરા, શહેર– સુરત, સબ ડિસ્ટ્રીકટ.સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : લીફટ અને ફલેટ નં.૭૦૪, **પશ્ચિમ તરફ** : માર્જીનની જગ્યા અને ટી.પી.રોડ, **ઉત્તર તરફ** : ફલેટ નં.૭૦૨, **દક્ષિણ તરફ** : માર્જીન ની જગ્યા આવેલ છે.

તા. ૨૭.૦૬.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, દામકા શાખા.

# હિટ એન્ડ રન કેસમાં બે આરોપીનો નિર્દોષ છૂટકારો

સુરતઃ તા. 24 ઓગસ્ટ, 2021ના રોજ અણુવત દ્વાર જી.ડી. ગોયેન્કા સ્કૂલ નજીક એક્ટિવા પર જઈ રહેલા મિત્રો મિત પંડયા અને ક્રિશ ગાંધીને એક ફોરવ્હીલ વાહને પાછળથી ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન બંને યુવકોના મોત થયા હતા. રિજવાન ગયાસ શેખ અને સુરેશભાઈ મોહનલાલજી દાની સામે ખટોદરા પોલીસ સ્ટેશને હેમંત પંડયાએ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે રિજવાન અને સુરેશની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી ટ્રાયલ કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષે વકીલ દીપેશ દલાલે દલીલ કરી હતી. ફરિયાદ પક્ષ ફરિયાદ પુરવાર કરવામા નિષ્ફળ ગયું હતું. બંને પક્ષની દલીલો અને રજુ થયેલાં દસ્તાવેજોને ધ્યાને રાખી કોર્ટે બંન્ને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile:- 9825859049, 7859985601

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700.

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

**બંગલો વેચવાનો છે**
ગ્રાઉન્ડ+1લો માળ અડાજણ આયકર ભવન પાસે. સંપર્ક : અરવિંદભાઈ લાપસીવાલા 9558750051

**અડાજણમાં 4 BHK**
ફ્લેટ હવા ઉજાસવાળો વાજબી ભાવે તાત્કાલિક વેચવાનો છે. 9374535403 (192)

નોકરી વિષયક

**ટેલી કોલિંગ કરી**
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

**બૅંકિંગક્ષેત્રમાં**
ટીમ લીડર માટે હિન્દી અને ગુજરાતી 5, Male તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 20000 થી 30000 સુધી. 08976373893/ 08866709945 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**Civil Construction**
Company માટે અનુભવી Supervisor, Engg, Safety- Supervisor જોઈએ છે. Mob- 98241-33338 Email- bein301@gmail.com

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.